## આંક–૧ લગત હુકમ

સદર કામે ફરિયાદી દ્વારા આંક–૪ થી સમાધાન પુરશીસ રજુ કરી તેઓને આક્ષેપિત ગુના સબબ આરોપી વિરૂદ્ધ કોઇ તકરાર નથી અને તેઓ હાલનો કેસ આગળ ચલાવવા માંગતા નથી તેવુ જાહેર કરેલ છે. અત્રેની અદાલતે ફરિયાદી દ્વારા કરવામાં આવેલ ગુનાની માંડવાળ સબંધે તેઓને કોઇ દાબ–દબાણ કે ધાક–ધમકી નથી તેની ખાત્રી કરવામાં આવેલ છે અને ફરિયાદીએ પણ તેઓ દ્વારા હાલની સમાધાન પુરશીસ સ્વેચ્છાપુર્વક દાબ–દબાણ વિના આપેલ હોવાનું જાહેર કરેલ છે તે સંજોગોમાં આક્ષેપિત ગુનાઓ સી.આર.પી.સી. કલમ–૩૨૦(૧) હેઠલ સમાધાનને પાત્ર હોય ફરિયાગદી હાલનો કેસ આગળ ચલાવવા માંગતા ન હોય હાલના આરોપીઓને સી.આર.પી.સી. કલમ–૩૨૦(૮) મુજબ આક્ષેપિત ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકાવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૩/૦૮/૨૦૨૨ ના રોજ લોક–અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩/૦૮/૨૦૨૨
રાજકોટ

**( એસ . સી. મકવાણા )**
પાંચમા અધિક ચીફ જયુડીશ્યલ મેજી., રાજકોટ
જી.જે.૦૦૯૨૦